ગામોને પાણી પુરી પાડતી ગ્રામ પંચાય
સ્વૈચ્છિક સંસ્થાઓના વારિગૃહોને વિન
વીજળી આપવા બાબત

ગુજરાત સરકાર,
ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ,
ઠરાવ ક્રમાંક : જીઈબી/૧૦૯૫/૨૧૮૮/ક,
સચિવાલય, ગાંધીનગર.
તા.૧૧-૧-૯૬

ઠરાવ :

રાજ્ય સરકારે તા.૧-૫-૮૯ થી રાજ્યમાં ગ્રામપંચાયતોના વારિગૃહો માટેના વીજદરમાં આંશિક રા હતી. પરંતુ આ રાહત પણ અપૂરતી જણાતા અને ઘણી ગ્રામ પંચાયતોની આર્થિક સ્થિતિ નબળી હોવાથી ભરી શકે તેમ ન હોવાથી વીજ કનેક્શનો કપાઇ જતાં, ગ્રામજનોને પાણીની ગંભીર કટોકટીમાં મુકાવું પ પરિસ્થિતિ નિવારવા ગામોને પાણી પુરી પાડતી ગ્રામ પંચાયતો તથાઅન્ય સ્વૈચ્છિક સંસ્થાઓના પીવાના પાડવાના વારિગૃહોને વિનામૂલ્યે વીજળી પુરી પાડવા અંગેની બાબત સરકારની વિચારણા હેઠળ હ વિચારણાના અંતે રાજ્ય સરકારે ગામોને પાણી પુરી પાડતી ગ્રામ પંચાયતો / અને સ્વૈચ્છિક સંસ્થાઓના વા વિનામૂલ્યે વીજળી પુરી પાડવાનું નક્કી કરેલ છે. આ અંગેની અન્ય શરતો નીચે મુજબ છે.

૧) આ વારિગૃહો માટે જે તે ગ્રામ પંચાયત / સ્વૈચ્છિક સંસ્થાએ અલગ મીટર રાખવાનું રહેશે.

૨) વારિગૃહોનાવીજ કનેક્શન ગામને પાણી પુરું પાડવા સિવાયના અન્ય કોઈહેતુ માટે વાપરી શકા

૩) સ્વૈચ્છિક સંસ્થાઓ એટલે કે જે ચેરીટેબલ ટ્રસ્ટ એક્ટ હેઠળ નોંધાયેલી હોય અને વિનામૂલ્યે નાત-જાત કે ધર્મના ભેદભાવ વગર સમગ્ર ગામને પાણી પુરું પાડતી હોવી જોઇએ.

૪) આ યોજનાનોઅમલ ચાલુ નાણાંકીય વર્ષ ૧૯૯૫-૯૬થી એટલે કે, તા.૧-૪-૯૫ થી અમલમાં ગણાશે.

૫) ગુજરાત વિદ્યુત બોર્ડ / વીજ કંપનીના સ્થાનિક કાર્યપાલક ઇજનેર / નાયબ કાર્યપાલક ઇજનેર, ; તાલુકા પંચાયતના તાલુકા વિકાસ અધિકારીશ્રી તેમજ ગુજરાત પાણી પૂરવઠા બોર્ડના સ્થાનિક અ સંયુક્ત રીતે આવા વારિગૃહ ધરાવતી દરેક ગ્રામ પંચાયત / સ્વૈચ્છિક સંસ્થાઓ માટેના વીજ ‹ માટે ત્રિમાસિક (એપ્રિલથી જુન, જુલાઈથી સપ્ટેમ્બર, ઓક્ટોબરથી ડિસેમ્બર, જાન્યુઆરીથી સમયગાળાઓ માટે મહત્તમ મર્યાદા (સીલીંગ) નક્કી કરશે. આવી સીલીંગ અત્યાર સુધીમાં અને ' વર્ષોમાં થયેલ વીજ વપરાશ, વસ્તીનું પ્રમાણ, પાણીની જરૂરિયાત અને આનુસંગિક અન્ય પા (પાણીનું તળ) વિગેરે ધ્યાનમાંલઇ આ ઠરાવની તારીખથી બે માસના સમયગાળામાં નક્કી કરશે

૬) કોઈપણ ગ્રામ પંચાયત / સ્વૈચ્છિક સંસ્થાના વારિગૃહોનું વીજબીલ નક્કી કરેલ સીલીંગ કરતાં વધી જાયતો તેટલા પુરતી વીજ વપરાશની યુનિટો માટેની રકમ જે તે ગ્રામ પંચાયતે / સ્વૈચ્છિકસંસ્થાએ, ગુજરાત વિદ્યુત બોર્ડ / વીજ કંપનીને નિયમાનુસાર ચૂકવવાની રહેશે.

૭) બોર્ડ / વીજ કંપની આ વારિગૃહો માટેના વીજ બીલો Cost to serve ના ધોરણે ચાર્જ કરશે.

૮) ગ્રામ પંચાયતો / સ્વૈચ્છિક સંસ્થાઓના વારિગૃહોના ઉપર જણાવેલ રીતે નક્કી કરેલ સીલીંગ સુધી જે બીલો આવે, તેટલી રકમ રાજ્ય સરકાર, ગુજરાત વિદ્યુત બોર્ડ/વીજ કંપનીને સહાય તરીકે ચૂકવશે.

૯) ઉપરોક્ત સીલીંગની દર બે વર્ષે પુનઃ સમીક્ષા કરી અનુક્રમ નં. (૫)માં દર્શાવેલી રીતે નવેસરથી નક્કી કરવામાં આવશે.

આ હૂકમો પંચાયત વિભાગની તા.૧૦-૧-૯૬ની તથા નાણાં વિભાગની તા.૧૦-૧-૯૬ની નોંધથી મળેલ સંમતિથી બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

સહી/-

(રાજકુમાર)

નાયબ સચિવ,

ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ